જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૧/૧૧/૨૦૨૩ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૮૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૮૫ લીટર દેશી દારૂ અને ૫ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૮૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ત્યજી દિધેલ ભ્રુણ મૃત હાલતમાં મળી આવ્યુ:- સમાચાર યાદી નં.૧૮૮૭/૨૦૨૩

**મણીનગરઃ** તા.૨૦/૧૧/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા મણીનગર એલ.જી.હોસ્પીટલ ન્યુ બિલ્ડીંગ કેજ્યુલીટી ટોઇલેટની પાછળ મૃત હાલતમાં ભૃણ (બાળકી) ત્યજી દિધેલ હાલતમાં મળી આવતા મણીનગર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.સી.પરમાર ચલાવે છે.

## ઘરફોડ:- સમાચાર યાદી નં.૧૮૮૮/૨૦૨૩

**બાપુનગરઃ** મનીષભાઈ કનૈયાલાલ પંચાલ (રહે.લક્ષ્મીભુવન ઘંટીવાળુ ડેલુ, સીટી દાણાપીઠ) એ તા.૨૦/૧૧/૨૦૨૩ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૦/૨૦૨૩ થી તા.૩૦/૧૦/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન બાપુનગર જયભારત રંગશાળા કંપાઉન્ડમાં “જે.એન.મોલ્ડીગ એન્ડ એન્જીનીયરીગ વર્ક્સ” નામની કંપનીનો દરવાજો તોડી, અજાણી વ્યક્તિ કંપનીમાં પ્રવેશ કરી, પ્લાનીગ જોબવર્કના અલગ અલગ મશીનરીના સ્પેરપાર્ટ તથા ઈલેક્ટ્રીક મોટર મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે.રાજપુરોહીત ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૯/૨૦૨૩**

**શાહીબાગઃ** ક્રિષ્ણાબહેન વા/ઓ વિજયન પુન્નુસ્વામી રેડીયર (ઉ.વ.૬૨)(રહે.કેદાર એપાર્ટમેન્ટ રાજસ્થાન હોસ્પિટલ સામે શાહીબાગ) તા.૧૯/૧૧/૨૦૨૩ સવારના ૯/૧૫ વાગ્યાના સુમારે શાહીબાગ રેશમબાઈ હોસ્પિટલ સામે માધવ ડેરી આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ક્રિષ્ણાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ક્રિષ્ણાબહેન રેડીયર એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૦/૨૦૨૩**

**બાપુનગરઃ** ઇસરારખાન ફૈયાદખાન પઠાણ (ઉ.વ.૩૫)(રહે.અકબરનગરના છાપરા લા.બા.શાસ્ત્રી સ્ટેડીયમ પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૧/૨૦૨૩ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

**નારોલઃ** મોહમદઅબ્બાસ વલીમોહમદ પઠાણ (ઉ.વ.૩૫)(રહે.અલીફનગર બાગેકૌશરની બાજુમા નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૧/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી